# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-03-2025 Day : Tuesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહેચ્છા** વાંચે છે.

---

## પીએમ વન્ય જીવન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન્યજીવન વ્યવસ્થાપનને ટેકો આપવા માટે પરંપરાગત જ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો વધુ ઉપયોગ કરવા હાકલ કરી. તેમણે બાઇસેગ-N અને ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા સાથે સહયોગ કરીને જંગલમાં આગ અને વન્યજીવન સંઘર્ષ વ્યવસ્થાપન માટે એઆઇ કૃત્રિમ બુદ્ધિમતા, મશીન તાલીમ અને ભૂ-અવકાશી મેપિંગના ઉપયોગ પર પણ ભાર મૂક્યો. ગઇકાલે વિશ્વ વન્યજીવન સંરક્ષણ દિવસ નિમિત્તે ગુજરાતના જૂનાગઢ જિલ્લાના સાસણ ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની 7મી બેઠકની અધ્યક્ષતા કરતા તેમણે આ વિસ્તારોમાં સ્થાનિક વસ્તી અને ગ્રામજનોની સંડોવણી દ્વારા ડોલ્ફિન સંરક્ષણ અંગે જાગૃતિના મહત્વ પર ભાર મૂક્યો. શ્રી મોદીએ જૂનાગઢ ખાતે નેશનલ રેફરલ સેન્ટર ફોર વાઇલ્ડ લાઇફનો શિલાન્યાસ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ વર્ષે હાથ ધરવામાં આવનાર સિંહ અંદાજના 16મા તબક્કાના પ્રારંભની જાહેરાત કરી. તેમણે બરડા વન્યજીવન અભયારણ્યમાં સિંહોના સંરક્ષણ માટે સહાયની જાહેરાત કરી.. શ્રી મોદીએ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ માટે રાષ્ટ્રીય કાર્ય યોજનાનું પણ અનાવરણ કર્યું અને સ્લોથ રીંછ જેવી પ્રજાતિઓના વધુ સારા સંરક્ષણ માટે કાર્ય યોજનાનો પ્રસ્તાવ મૂક્યો.

------------------------------------------------------------------------------------------

## પીએમ નમો એપ

**પ્રધાનમંત્રી નેરન્દ્ર મોદીએ નાગરિકોને નમો એપ ઓપન ફોરમ પર વધુ પ્રેરણાદાયી જીવન યાત્રાઓ શેર કરવા વિનંતી કરી. એક સોશ્યિલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ માહિતી આપી હતી કે, નમો એપ પર શેર કરેલી પ્રેરણાદાયી યાત્રાઓમાંથી કેટલીક મહિલાઓને 8મી માર્ચે મહિલા દિવસ પર પ્રધાનમંત્રીના ડિજીટલ સોશ્યિલ મીડિયા એકાઉન્ટસ હેન્ડલ કરવા માટે પસંદ કરવામાં આવશે.**

------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

આઈસીસી ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીની પહેલી સેમિફાઇનલમાં આજે દુબઈમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 2.30 વાગ્યે શરૂ થશે. આ પહેલા ભારતે સોમવારના દુબઈમાં પોતાની છેલ્લી લીગ મેચમાં ન્યુઝીલેન્ડને 44 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે ભારતે ગ્રુપ-એમાં ત્રણેય ગ્રુપ - સ્ટેજ મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું. બુધવારે લાહોરમાં ટુર્નામેન્ટની બીજી સેમિફાઇનલમાં ન્યુઝીલેન્ડનો મુકાબલો ગ્રુપ બીના વિજેતા દક્ષિણ આફ્રિકા સામે થશે. ફાઇનલ મેચ રવિવારે રમાશે.

તો મહિલા પ્રીમિયર મેચમાં ગુજરાત જાયન્ટસ ટીમે યુપી વોરિયર્સ ટીમને 81 રને હરાવી મહત્વની સફળતા મેળવી છે. લખનૌ ખાતે રમાયેલી મેચમાં ગુજરાતની ટીમે 5 વિકેટ ગુમાવી 186 રન કર્યા હતા. જવાબમાં યુપીની ટીમ 105 રનમાં આઉટ થઈ ગઈ હતી. ગુજરાત જાયન્ટસ ટીમ પોઇન્ટ ટેબલમાં બીજા ક્રમે પહોંચી છે.

---

## ધારાસભ્ય પ્રશ્ન

ગુજરાત વિધાનસભામાં ગઇકાલે ધારાસભ્યશ્રીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનોના રાજ્યના મંત્રીઓએ જવાબ આપ્યા હતા.

ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યું હતું કે, તા. 31-12-2024ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છમાં કુલ 1448 જોડાણ આપવામાં આવ્યા છે. જિલ્લામાં ખેડૂતોને વીજ બિલમાં સબસિડી અંગેના ધારસભ્ય અનિરુદ્ધ દવેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, તા. 31-12-2024ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખેડૂતોને કુલ રૂા. 1616.59 કરોડની વીજબિલમાં રાહત આપી છે.

જિલ્લામાં ડિસેલિનેશન પ્રોજેક્ટ અંગેના ધારાસભ્ય પ્રધ્યમુમનસિંહ જાડેજાના પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે, તા. 31-12-2024ની સ્થિતિએ કચ્છમાં દરિયાના ખારાં પાણીને ડિસેલિનેશન દ્વારા મીઠું પાણી બનાવવાના પ્રોજેક્ટની કામગીરી માટે માંડવી તાલુકાના ગુંદિયાળી ગામે 100 એમ.એલ.ડી. ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટ પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉક્ત પ્રોજેક્ટ માટે છેલ્લા બે વર્ષમાં અંદાજિત રૂા. 300 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

---

## ગુજરાત માધ્યમિક પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 27મી ફેબ્રુઆરીથી ધોરણ 10 અને 12ની વાર્ષિક પરીક્ષા શરૂ થઈ ગઈ છે. જેમાં ત્રણેય દિવસ પેપર સરળ રહ્યા હતા અને હજુ સુધી એકેય કોપી કેસ પણ નોંધાયો નથી.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે, સોમવારે એસએસસીના સામાજિક વિજ્ઞાનના પેપરમાં 22 હજાર 958માંથી 22 હજાર 379 હાજર રહ્યા હતા.

---